ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરીપત્ર**

**વિષય : ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા બાબત.**

ઉપર્યુકત વિષય અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સ્થિત ભવનો/સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો/સંલગ્ન કોલેજોમાં અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા તા.૨૮/૦૯/૨૦૨૪ ના રોજ તૃતીય પદવીદાન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં માનનીય રાજયપાલશ્રી/કુલાધિપતિશ્રી દ્વારા તૃતીય પદવીદાન સમારોહ અંતર્ગત જુદી-જુદી વિદ્યાશાખાઓની ડીગ્રી સર્ટીફીકેટ મંજુર કરેલ છે. જે ડીગ્રી સર્ટીફીકેટ પ્રિન્ટ થઇ અત્રેની યુનિવર્સિટી ખાતે આવેલ હોય, તો જે વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટની તત્કાલીન જરૂરીયાત છે તેવા વિદ્યાર્થીઓએ નીચે મુજબના જરૂરી આધાર પુરાવા રજુ કરી, તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ અત્રેની યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ખાતેથી રૂબરૂ ડીગ્રી સર્ટીફીકેટ મેળવી લેવુ.

જે કોલેજ પોતાની સ્વેચ્છાએ તેમના વિદ્યાર્થીઓના ડીગ્રી સર્ટીફીકેટ રૂબરૂ મેળવવા માંગતા હોય તે કોલેજ, અત્રેની યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ખાતેથી તા.૨૧/૧૦/૨૦૨૪ થી રૂબરૂ આવી ડીગ્રી સર્ટીફીકેટ મેળવી શકશે. કોલેજ દ્વારા તેમની કોલેજના પ્રતિનિધીને ડીગ્રી સર્ટીફીકેટ આપવા બાબતનો લેટર આપવાનો રહેશે. **કોલેજ દ્વારા જવાબદાર વ્યક્તિ, કે જે કોલેજ કક્ષાએ ડીગ્રી અંગેની કામગીરી સંભાળતા હોય તેવી વ્યક્તિને યુનિવર્સિટી ખાતે મોકલવાના રહેશે.**

**ખાસ નોધ:**
**જે વિદ્યાર્થી, ડીગ્રી સર્ટીફીકેટની તત્કાલીન જરૂરીયાતના આધાર પુરાવા રજુ નહી કરે તો, તેવા વિદ્યાર્થીઓને રૂબરૂ ડીગ્રી સર્ટીફીકેટ આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

**જરૂરી આધાર પુરાવા:**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | **વિદ્યાર્થી પોતે ડીગ્રી સર્ટીફીકેટ લેવા આવે તો:**<br>1. ડીગ્રી સર્ટીફીકેટની તત્કાલીન જરૂરીયાત છે તેના આધાર પુરાવાની નકલ<br>2. વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ<br>3. છેલ્લા સેમેસ્ટર/છેલ્લા વર્ષની માર્કશીટની નકલ |
| ૨. | **વિદ્યાર્થી વતી કોઇ અન્ય વ્યક્તિ ડીગ્રી સર્ટીફીકેટ લેવા આવે તો:**<br>1. ડીગ્રી સર્ટીફીકેટની તત્કાલીન જરૂરીયાત છે તેના આધાર પુરાવાની નકલ<br>2. વિદ્યાર્થીનું અન્ય વ્યક્તિને ડીગ્રી સર્ટીફીકેટ આપવા અંગેનુ સંમતિ પત્ર<br>3. વિદ્યાર્થીના આધારકાર્ડની નકલ<br>4. છેલ્લા સેમેસ્ટર/છેલ્લા વર્ષની માર્કશીટની નકલ<br>5. જે વ્યક્તિ ડીગ્રી સર્ટીફીકેટ સ્વીકારવા આવે છે તેના આધારકાર્ડની નકલ |

**વધુમાં જણાવવાનું કે, જે વિદ્યાર્થીઓને તત્કાલીન ડીગ્રી સર્ટીફીકેટની જરૂરીયાત નથી તેવા વિદ્યાર્થીઓનું ડીગ્રી સર્ટીફીકેટ ટૂંક સમયમાં પોસ્ટ/કુરીયર મારફત વિદ્યાર્થીએ ડીગ્રી ફોર્મમાં આપેલ સરનામે મોકલી આપવામાં આવશે.**

ડૉ. ડી. એમ. સુખડીયા
**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૧૭૨૪/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
તા.૧૮/૧૦/૨૦૨૪

**પ્રતિ,**
યુનિવર્સિટી સ્થિત ભવન/સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રો/સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ...

**નકલ રવાના:-**
(૧) માન. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે)  (૨) આઇ. ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે.)

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેકસ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503
: www.bknmu.edu.in || : exam@bknmu.edu.in